ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૨-૨૦૧૨, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

સહારા ગ્રુપને 'સુપ્રીમ' અને 'સેબી'નો સંયુક્ત તમાચો

તુલસી હાય ગરીબ કી કબહુ ના ખાલી જાય...

નામ બડે, દર્શન છોટે. સહારા ગ્રુપની બોલબાલાના વિવિધ આયામોથી દેશ સુપરિચિત છે. મીડિયા ક્ષેત્રે એનો ભાર વક્કર જામેલો છે. સચીન તેંડુલકરથી લઈ ભારતીય ક્રિકેટ ટીમનો અદનો ખેલાડી 'સહારા'નું ટીશર્ટ પહેલી ક્રિકેટ રમવામાં ગૌરવ અનુભવતો રહ્યો છે. સુબ્રતો સહારાએ સમયસર સહારો ન આપ્યો હોત તો સદીના મહાનાયક તરીકે ઓળખાતા મહાન સિને કલાકારની શી વલે થઈ હાલ તે કલ્પવું મુશ્કેલ છે. અમિતાભ બચ્ચન અક્ષરશઃ ડૂબવાની અણી પર હતા ત્યારે એમનો હાથ ઝાલનાર 'સહારા પુરૂષ' સુબ્રતો રૉય હતો તે સર્વવિદિત છે. સહારાનો સહારો સંપડાવવામાં ભલે પછી અમરસિંહ મદદરૂપ કે માધ્યમરૂપ બન્યા હોય, પણ બચ્ચનના તારણહાર તરીકે સહારા ગ્રુપે એક કરવા જેવું કામ કર્યું હતું તે ભૂલી શકાય એમ નથી. સહારા ગ્રુપ એની લોકાભિમુક અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે પણ વખણાતું રહ્યું છે. પરંતુ એની કારકિર્દીને ગ્રહણ લગાડી દેનારી ઘટનાઓ પણ એટલી જ ધ્યાન ખેંચનારી છે. રિયલ એસ્ટેટ અને હાઉસિંગ સેકટરમાં પદાર્પણ કરવા માગતી આ કંપનીએ છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન દેશભરમાં મહાનગરો અને પાટનગરોમાં હાઉસિંગ સ્કીમોની લોભામણી જાહેરાતો કરીને વિશેષપણે મધ્યમ વર્ગના લોકોને આ વિષમ સમયગાળામાં માટે છાપરૂં આપવાની ખાતરી આપી હતી. દુનિયાભરમાં 'સહારા'નો ડંકો વાગતો હોઈ રોકાણકારોએ એમની જિંદગીભરની બચત રોકી પોતાને ઘરનું ઘર મળી જશે એવી આશામાં રીતસરની દોટ મૂકી હતી. આખા આખા પાનાની જાહેર ખબરમાં વિવિધ આર્થિક જૂનોને અનુરૂપ બંગલા, ટેનામેન્ટ્સ અને ફલેટ્સ બનાવી આપવાની લાગણી ભીની રજૂઆત થતી રહી. લોકોએ દેવું કરીને પણ એ સ્કીમોમાં પૈસા રોક્યા. એ વખતે એમને સ્વપ્ને પણ કલ્પના નહોતી કે સહારા ગ્રુપ જેવી પ્રતિષ્ઠિત કંપની એનાં સહારાનગર ('સહારા સિટી') ઊભાં કરવાની ગળચટી જાહેરાતો કરીને આપણાં નાણાં તફ ડાવવાનો ક્રૂર તમાશો કરી રહી છે!

આખરે જયારે રોકાયેલાં નાણાં હાથથી જઈ રહ્યાંની ખાતરી થઈ ગઈ ત્યારે રોકાણકારોની ધીરજ ખૂટી અને તેઓએ નાછૂટકે કોર્ટનાં દરવાજા ટકોર્યા. લાંબી કાર્યવાહી પછી સુપ્રીમ કોર્ટે ગત ૩૧ ઑગસ્ટ, ૨૦૧૨ના દિવસે રોકાણકારો પાસેથી ઓળવેલી અંદાજે ૨૪,૦૦૦ કરોડ કેટલી રકમ ૧૫% વ્યાજ સાથે ત્રણ મહિનામાં તબક્કાવાર પરત કરવાનો હુકમ કર્યો હતો. સુપ્રીમ કોર્ટનાં આદેશનો અમલ કરવામાં ગલ્લા તલ્લાં કરતા સહારા ગ્રુપ વિરૂધ્ધ પગલાં ભરવામાં વિલંબ કરવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે સેબીને ઊધડો લીધો તેના વળતા દિવસે જ સેબી (સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા) દ્વારા સહારા ઈન્ડિયા રિયલ એસ્ટેટ કોર્પોરેશન તથા સહારા હાઉસિંગ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનની સંપત્તિ ટાંચમાં લેવાઈ છે અને બેઉ કંપનીઓનાં ૧૦૦ કરતાં પણ વધુ બેંક ખાતાં ચીલ કરાયાં છે. 'સહારાશ્રી'ના હુલામણા નામે ઓળખાતાં કંપનીનાં સ્થાપક ચેરમેન સુબ્રતો સહારાની મિલકતો પણ પણ ટાંચ આવી છે.

કડવા પાટીદાર બાળકો માટે નજીવી ફીમા JEE, NEET, GUJCETના વર્ગો યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર કડવા પાટીદાર સમાજના પ્રમુખ મંગળભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કડવા પાટીદાર બાળકો માટે ઉમિયા માતાજી સંસ્થાના સહયોગથી નજીવી ફી માં JEE, NEET, GUJCET ના વર્ગોનું આયોજન ૨૨મી માર્ચથી કરવામાં આવ્યું છે. આ અંગેનું ફ્રી ડેમોસ્ટ્રેશન તા. ૧૭મી ફેબ્રુઆરીએ યોજાશે.

ઉમિયા માતાજી સંસ્થાન સેક્ટર-૧૨ ગાંધીનગર દ્વારા નવનિર્મિત ઉમા ભવનમાં સંસ્થાના સહયોગથી ક્રિસ્ટલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સના ઉપક્રમે ગાંધીનગર અને આસપાસના ગામોમાં આવેલી સંસ્થામાં ધો. ૧૧-૧૨ સાયન્સમાંઅભ્યાસ કરતા બાળકોમાટે નજીવી ફી માં એક્ષપર્ટ ફેકલ્ટી દ્વારા ગુજરાતના સૌથી મોટા શૈક્ષણિક જૂથ ક્રિસ્ટલ એજ્યુકેશન ગ્રુપના મેનેજમેન્ટ દ્વારા ધો. ૧૨ સાયન્સ પછી મેડકલ-પેરામેડીકલમાં પ્રવેશ માટે લેવાનાર NEET- GUJCET અને એન્જીનીયરીંગમાંપ્રવેશ માટે લેવાનાર IIT-JEE ના વર્ગોનું ગુજરાતી અને અંગ્રેજી એમ બંને માધ્યમ માટે આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ગોમાં કડવા પાટીદાર પરિવાર સિવાયના બાળકો માટે પણ ધારાધોરણ મુજબની ફી સાથે પ્રવેશ મળી શકશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે. રજીસ્ટ્રેશન માટે ઉમિયા માતાજી સંસ્થાની ઓફીસમાંથી પ્રવેશપત્ર મેળવી લેવા જણાવ્યું છે.

સાહેબ,.. ફલડ કંટ્રોલ રૂમ ચાલુ કરવો પડે તેવું લાગે છે...!

આર.જી. પટેલ કન્યા શાળામાં પૂ. દાસકાકા રમતોત્સવ અને યુવક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળામાં તાજેતરમાં પૂજય દાસકાકા રમતોત્સવ અનેયુવક મહોત્સવ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ ગયો. જેમાં ગોળાફેંક, દોડ, મટકાફોડ, લીંબુ ચમચી, સ્લો સાયકલીંગ જેવી હરિફાઈઓ તથા યુવક મહોત્સવમાં કાવ્ય પઠન, એક પાત્રીય અભિનય, મહેંદી હરિફાઈ, કેશ ગૂંફન અનેરંગોળી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધોહતો.

શાળા રમતોત્સવમાં મહાત્મા ગાંધી વિદ્યા મંદિરના વ્યાયામ શિક્ષક અને ગાંધીનગર શેહરનાં વ્યાયામ મંડળના પ્રમુખ ભરતભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થિની નિધી માંડણકાએ પૂજય દાસકાકાના જીવનકવન વિશે માહિતી આપી હતી. ભરતભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને ખેલ મહાકુંભમાં સારા ઈનામ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ શાળાના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોશીના માર્ગદર્શન હેઠળ રમતોત્સવ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ગોળાફેંક, દોડ, મટકાદોડ, લીંબુ ચમચી, સ્લો સાયકલીંગ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં શાળાના શિક્ષકોએ નિર્ણાયક તરીકે કામગીરી સંભાળી હતી. બીજા દિવસે યુવક મહોત્સવની શરૂઆત પ્રાર્થના બાદ જુદી જુદી પાંચ સ્પર્ધાઓથી કરવામાં આવી હતી. કાવ્યપઠન, એકપાત્રીય અભિનય, મહેંદી હરિફાઈ, કેશ ગૂંફન અને રંગોળી હરિફાઈ યોજાઈ હતી. સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ એનાયત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ તથા સુપરવાઈઝર્સ અને શિક્ષકગણના સહકારથી સંપન્ન થયો હતો.

પ્રેરણા વિદ્યાલય ખાતે બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની શુભેચ્છા આપતો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાંથી પરીક્ષાનો ડર દૂર થાય અને બોર્ડની પરીક્ષા સ્વસ્થ અને પ્રસન્ન મને આપી શકે તે માટે ખાસ વકતવ્ય યોજાયું હતું અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા સચિવાલયના કલાસ વન ઓફિસર હસમુખભાઈ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાર્થના ગીતથી શરૂ થયેલ કાર્યક્રમના પ્રારંભે ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓએ ધોરણ ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓ માટે

વિદાયગીત રજૂ કર્યું હતું તેમજ ઉપસ્થિત મહેમાન હસમુખભાઈ પ્રજાપતિનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાને પોતાના જીવનના એક નાનકડા પ્રસંગ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે શુભેચ્છાઓ તથા આશીર્વચન પાઠવ્યા હતા. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા સ્વાતિબા રાઓલે વિદ્યાર્થીઓને પરીક્ષા પ્રત્યેનો ડર દૂર કરવા જરુરી માર્ગદર્શન અને શુભેચ્છાઓ આપી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા સ્વાતિબા રાઓલે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો અને વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવ્યું હતું.

વીવીએમપી પોલિટેકનિકમાં વ્યકિતત્વ વિકાસ અંગે વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૫માં આવેલી વીવીએમપી પોલિટેકનિક ખાતે તાજેતરમાં ડિપ્લોમા એન્જીનિયરીંગના બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે વ્યકિતત્વ વિકાસ અંગેનું વકતવ્ય યોજાયું હતું. કોલેજના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો.

વીવીએમપી પોલીટેકનીક ખાતે ડિપ્લોમા એન્જીનીયરીંગના બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે વ્યકિતત્વ વિકાસ વિકાસ વિષય ઉપર ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જહાનું પ્રવચન તાજેતરમાં યોજાયું હતું. કૃષ્ણકાંત જહએ પોતાના અંગત અને જાહેર જીવનના પ્રસંગોને ટાંકીને વિદ્યાર્થીઓને માત્ર વિદ્યાર્થી જીવનમાં જ નહીં પરંતુ વ્યવસાયીક જીવનમાં પણ ઉપયોગી એવા સૂત્રોની વાત કરી હતી તથા વિદ્યાર્થીના જીવનમાં ધ્યેયની ઓળખ અને તેને પ્રાપ્ત કરવા માટે જરુરી એવી વકતૃત્વ સ્કીલ, હકારાત્મક અભિગમ, પડકારોનો હિંમતપૂર્વક સામનો કરવાનું સાહસ, વ્યાવસાયિક જીવનમાં જરુરી એવી પ્રોફેશનલ સ્કીલ અને વિષય અંગેનું જરુરી જ્ઞાન વગેરે વિષયો ઉપર વિસ્તૃત છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય જે.જી.દવે, એ.જે. પટેલ અન્ય અધ્યાપકગણ અને ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન શ્રીમતી નયના રંગવાલા અને ડૉ. મનીષ વ્યાસે કર્યું હતું.

રાષ્ટ્રભાષા કોલેજમાં યુવા સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિના અનુસંધાને વિદ્યાર્થીઓમાં આદર્શ વિચારો, આદર્શપ્રવૃત્તિ અને રાષ્ટ્રના વિકાસમાં રસરૂચિ વધે તે માટે એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ અને કોમર્સ કોલેજમાં તાજેતરમાં યુવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને સ્વામી વિવકાનંદના વિચારોને તેમના ઉદ્દેશોને પ્રગટ કરવામાં આવ્યા હતા.

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ અને કોમર્સ કોલેજ અમદાવાદના એન.એસ.એસ. વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતી વર્ષના ઉપલક્ષમાં 'યુવા સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. ખૂબ, ઉત્સાહથી વિદ્યાર્થીઓએ સ્વામીજીના પુસ્તકોનું વાંચન કર્યુંહતું અને સ્વામીજીના પ્રેરક પ્રસંગો અને સુવિચારોની રોજ પ્રાર્થના પછી રજૂઆત કરી હતી. આખા સપ્તાહ દરમિયાન નિબંધ સ્પર્ધા, વિવેકાનંદ વાણી, ચિત્ર સ્પર્ધા, પ્રશ્નોત્તરી, સર્જનાત્મક પ્રવૃત્તિ, વ્યાખ્યાન જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન સ્વામી વિવેકાનંદને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ સ્વામી વિવેકાનંદથી વિદ્યાર્થીઓને પરિચિત કરવાનો હતો. આજની યુવા પેઢી સ્વામીજીના વિચારોને સમજેઅને પોતાના જીવનમાં ઉતારી સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં સક્રિય બની શકે તે માટે પ્રસ્તુત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય ડૉ. યોગેશભાઈ રાજગોર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. ભાગીરથીભટ્ટ તથા પ્રા. શોભના ચૌહાણે સક્રિય ભૂમિકા ભજવી હતી.

ભગવાને લોકોને એટલા માથે ચઢાવ્યાં છે કે એનાં માથે ફુલ ચઢાવવાની જગ્યા નથી રહી...!

સાંપ્રત સમસ્યાની આસપાસ ફરતી વાતોમાં બીલકુલ થનગનતાં ઘોડા જેવાં યુવાનો-યુવતીઓ અને પણ એ પણ કૉલેજનાં વિદ્યાર્થીઓ હોય અને એ એકાંકીનાં હાસ્ય, કરૂણ, વીર, અભદ્ર, શ્રૃંગાર... જેવા રસદર્શનથી પ્રેક્ષકો હાસ્યથી લઈ અશ્રુ સુધી અને રોમાંચથી રૂંવાડા સુધીની લાગણી અનુભવે... એક એકથી ચઢીયાતા સંવાદોના સપાટામાં તાળીઓના જોરદાર

ઝાપટાં પડે અને તોય આંચકા જનક વાતતો એકે એકેય કલાકાર, લેખક દિગ્દર્શક જાણીતાં નહીં અને ટાઉનહૉલ પૅક, પગથિયાં પર પ્રેક્ષકો ગોઠવાયાં હોય અને નાટકનો લુફ્ત ઉઠાવતાં હોય...

ગાંધીનગરની સંસ્કાર ભૂમિ પરના પ્રેક્ષકોના તાસીર અને તસ્વીર માણવામાં જેવી હતી. કલાસંસ્થા 'સંસ્કૃતિ' અને 'ગુજરાત સમાચાર'ની ગાંધીનગરની યુવા પત્રકાર ટીમ મૌલિક મહેતા, વિપુલ જોષી, ધર્મેન્દ્રસિંહ કુંપાવત, અશ્વીન વ્યાસ અને આઈ.સી.સી.આર.ના મકરંદ શુકલ બધાંએ ભેગા મળી વિજેતા થયેલાં એકાંકીઓનો વિનર શો ગોઠવી માત્ર પ્રેક્ષકો નહીં પણ કાયમ ક્રિટીસાઈઝ થતાં કોલેજિયનોને સ્ટેજ પર લાવી બતાવી દીધું કે રસ્તા પર ભગવાનદાસ ભજિયાંવાળા કાકા અને કૉલેજના વિદ્યાર્થીઓ બસની પ્રતિક્ષામાં થતી ધીંગામસ્તી એટલે રિયલ કૉલેજના સીન ઊભાં કરેલા. મનુભાઈ પંચોળીનાં વિચાર. 'સાચું શિક્ષણ એવું જોઈએ જે અન્યાય સામે લડવાં તાકાત આપે'ની લાઈન પર જ આખું નાટક ભજવાઈ ગયું...

ગૂંડાના અન્યાય સામે વચ્ચે પડતી એક યુવતીનાં મુખે બોલાતાં ડૉયલોગ, 'અરી હિંમત લડવા માટે નહીં પણ વચ્ચે આડા ઉભા રહેવા માટે જોઈએ' ઘણાં પ્રશ્નોનાં વિકલ્પ આપી જાય છે. રામાયણનાં રામ નહીં પણ 'જયાટુ' જેવા વચ્ચે પડી બચાવવાનો પ્રયત્ન કરતાં પાત્રને શ્રેષ્ઠ ઉપયોગ લેખકે કર્યો છે... 'ભગવાન અત્યાચારીને નથી મારતાં, અત્યાચારી કે પાપીને મારે એને આપણે ભગવાન માનીએ છીએ.' જેવાં સજ્જડ ડાયલોગ અને મસ્ત નિર્દેશન કરનારાં ગૌરાંગ ગોસ્વામી અભિનંદનને પાત્ર છે...

કૉલેજનાં એનર્જેટીક યુવાનો તારીક શેખ, ચિંતન, ઉર્જા, દર્શક, ફોરમ, ધૈવત, રિધ્ધિ, હર્ષદીપ, ઊર્વી... પોતપોતાના ભાગનો કિરદાર મજાથી ભજવ્યો, એક વાત નોંધવી પડે કે આમાં કલાકાર નહીં પણ વાર્તા અને એને 'અંત' પ્રભાવશાળી રહ્યો... 'યદા યદા હી ધર્મસ્ય' ના સામુહિક ઉચ્ચારણ સાથે નાયકને જોશ ચઢાવીને ખલનાયકનો 'અંત' રૂંવાડા ઉભો કરી ગયો અને છેલ્લે પોલીસ આવીને આને રોડ અકસ્માતમાં ખપાવી નાટક પર પડદો પાડી ગઈ...

(૨)

ચાલને આપણે પરણી જઈએ... રાજયકક્ષાએ બેસ્ટ સ્ક્રિપ્ટનો એવોર્ડ આ નાટકને કેમ મળ્યો એ તો એનાં સંવાદો જેણે સાંભળ્યા એજ કહી શકે...

'પગમાં જયારે કાંટો વાગે છે ત્યારે ખબર પડે છે કે પગ છે, વેદનાઓ જીવનનો અહેસાસ કરાવે છે', 'ખરી હિંમત લડવા માટે નહી પણ વચ્ચે આડા ઉભા રહેવાનો છે' અને 'જે લોકો મીણબત્તી લઇને નીકળ્યાં છે એની જ આગ મને દઝાડી રહી છે' જેવાં જલદ સંવાદોના સપાટા એ તાળીઓનાં ઝાપટાં પાડ્યાં

યૌવનધનની ટેલેન્ટ અને તાકાત શું છે... રજૂ થયેલાં ત્રણેય એકાંકીનો ક્રમ ભલે નિર્ણાયકોને યોગ્ય લાગ્યો એ આપ્યો હશે પણ દરેક એની કથાથી શ્રેષ્ટ અને પ્રતમ નંબર જ હતા આવી એકાંકીની અંતરંગ વાતો ખાસ આપના માટે...

(૧)

અંત... કદાચ નામના કારણે ત્રીજો ક્રમાંક ધરાવતી આ કથાના લેખક કાર્તિકેય ભટ્ટે પીલવાઈ થી અમદાવાદ અપડાઉન કરતાં બાલવા ચોકડી પરના સાચાં દૃશ્યોને અને વિદ્યાર્થીઓને ભણવા માટે પડતી તકલીફોને વણી લીધી... પ્રથમ દૃશ્યમાં જ 'કાલી' એટલે કે એક વિલન ચાર રસ્તા પર કોકનું ખૂન કરે અને પોલીસ એને માર્ગ અકસ્માતમાં ખપાવી દે છે... ચાર લેખક કાર્તિકેય ભટ્ટે સંવેદના સભર આ નાટકનાં જે સંવાદો લખ્યાં છે એ કોઈ હિન્દી ફિલ્મ રાઈટરથી કમ નહોતો. 'આપણા દુઃખને એટલું મોટું ના કરીએ કે, બીજાનું સુખ પણ વિખેરાઈ જાય.', 'પગમાં કાંટો વાગે ત્યારે ખબર પડે કે પગ છે, વેદનાઓ જીવનનો અહેસાસ કરાવે છે.' અને 'સ્કૂટર પાર્ક કરતાં અન્યને એનું વ્હીકલ કાઢવામાં પડતી તકલીફનો વિચાર નથી કરતાં ત્યારે અન્યોનાં વિચાર કરનારો માણસ જોયો' જેવાં વિદ્રતા અને ભાવસભર ડૉયલોગ્સ આ નાટકની જાન હતા...

એકદમ બીબાં ઢાળ અને નિરસ જિંદગી જીવતાં બોચીયાના જીવનમાં એક અત્યંત સુંદર યુવતી પ્રિયંકા આવે છે અને એને કહે છે કે, 'ચાલ ને આપણે પરણી જઈએ' અને ચોવીસ કલાક માટે બોચીયો બધામાં આશ્ચર્યનું પાત્ર બની જાય છે. પણ જયારે પ્રિયંકા બીજે દિવસે ના પાડે છે ત્યારે ય બોચીયો સ્થિતપ્રજ્ઞ રહી એને એનો પ્રેમી સાથે જવા દેવાની ઉદાર ભાવના બતાવી શ્રેષ્ઠ બની જાય છે... પ્રિયંકા જયારે એના આવા વર્તનથી અકળાઈ એને એની સાથે ઝઘડવા-મારવાં કહે છે, ત્યારે બોચીયો કહે છે કે, 'મારી પીડાનાં આંસુ તારી આંખમાં દેખાય છે.' ભજવાતાં નાટકે બબ્બે વખત સાચુકલો રડી પડતો બોચીયો એટલે કે સિપાઈ સદ્દામ હુસેનને આ કિરદાર

'સંસ્કૃતિ' અને 'ગુજરાત સમાચાર' આયોજિત નાટ્ય સ્પર્ધાનાં વિનર્સ શોમાં 'ચાલને આપણી પરણી જઇએ' નાં સંવેદનશીલ ડાયલોગ્સ, 'અંત'ની અન્યાય સામેની લડત અને 'તું લડજે અનામિકા' બળાત્કાર પીડિત યુવતીની મનોવ્યથા દર્શાવતા અદ્‌ભૂત નાટકોમાં યંગસ્ટર્સની ટેલેન્ટ છવાઇ

માટે શ્રેષ્ઠ કલાકારનો એવોર્ડ મળેલો...

વર્ષે પહેલાં 'લાલ કિલ્લા' મુવીમાં આવેલી બહાદુર શાહ ઝફરની ગઝલ 'ન કિસી કા આંખ કા નૂર હૂં' નો શ્રેષ્ઠ ઉપયોગ અને સાથે જ નવા જૂના ગીતોની પેરોડીનો સુંદર ઉપયોગ આ નાટકને સજાવવામાં થયેલો... નસીર ઈસ્માઈલીની વાર્તાની લાઈન પરથી ભજવાયેલો આ નાટકમાં પ્રફુલ્લ પાનવાળાનાં ગીતો અને ફુલવાળી ચંપાનાં કૉમેડી ડાયલૉગ નાટકને ગંભીર થતું અટકાવી દે છે... પ્રેમભંગ થયેલાં બોચીયાને પરણવાની તૈયારી સાથે ચંપાને બતાવી નાટકનો સુખદ અંત આવે છે...

નાટકમાં રિપલ પટેલ, કરિશ્મા પટેલ, મિત્તલ પરમાર, સોહેલ નાયકે અભિનયનો જાન રેડ્યો છે. નવી પેઢી આવાં નાટકોથી સાંસ્કૃતિક વારસો જાળવશે એવું અવશ્ય લાગે... લેખક-દિગ્દર્શક કાર્તિકેય ભટ્ટે સજ્જડ કામગીરીથી પરદા આગળ પાછળનાં બંને કાર્યો સુપેરે પાર પાડ્યાં છે. સંવેદનાથી તરબત્તર નાટકના સૌને લાગણીભીની શુભેચ્છાઓ...

(૩)

તું લડજે અનામિકા... દિલ્હીથી ઉઠેલી ગેંગરેપની ચિનગારી આખા દેશમાં ફેલાયેલી, પણ પછી શું? બસ આ જ વાતને અલગ એન્ગલથી રજૂ કરીને નાટ્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી ગયેલાં એકાંકીના લેખક, દિગ્દર્શક અભિષેક શાહે બિભત્સતા અને વલ્ગારીટી તદ્દન દૂર રહી, કોઈપણ ચીપ ડાયલૉગ કે વાત વગર જ આખાય નાટકને જે આયામ આપ્યો એ કાબીલે દાદ હતો... બળાત્કારની યાતના કરતાં પછી સમાજમાંથી ઉઠતાં પ્રશ્નો અને નજર જ યુવતીને આત્મહત્યા સુધી ઢસડી જાય છે એવી વેદના વ્યકત કરી પ્રશ્નોની સામે સતત લડતાં રહેવાની વાતથી તું લડજે અનામિકા મેદાન મારી ગઈ...

બળાત્કારનાં ભોગ બાદ સતત માનસીક બળાત્કારનો ભોગ બની ઈચ્છા મૃત્યુ માટે કોર્ટમાં શરણ થયેલી 'અનામિકા'ને જીવતી રાખવા માટેના આવેલાં વિવિધ પત્રોનાં પાત્રોને એકબાદ એક ૬ જણની સ્ટૉરી બતાવી જીવવાનું ઈંજન પૂરૂં પાડે છે... એક ૧૧ વર્ષની છોકરીનો બળાત્કાર, એક પરિવારની યુવતી પર સસરા, દિયરનો બળાત્કાર, ગ્રામીણ મહિલાનો બળાત્કાર.. જેવાં કિસ્સાથી સમાજની વિકૃતિ દર્શાવી સાથે જ અનામિકાને લડવાનું પ્રેરક બળ પૂરૂં પાડતી વાતની રજૂઆત દર્દનાક હતી...

'જે મીણબત્તી લઈને આ લોકો નિકળ્યા છે ને તેની જ આગ મને દઝાડી રહી છે. અને આ ટોળામાં નીકળેલા લોકો પાનને ગલ્લે કહેશે કે, 'જેટલો વાંક બળાત્કારીઓનો હતો એટલો જ આ છોકરીનોય હશે.' વેદનાથી છલકાતાં સંવેદનશીલ ડાયલૉગ્સ અને એની રજૂઆત શ્રોતાઓની આંખ ભિંજવી ગયાં...

દરેક પાત્રની ચોટદાર રજૂઆત, સુંદર ટાઈમિંગમાં અભિનય પાથરનારા દેવાની પંડ્યા, હર્ષ બુચ, વત્સલ ત્રિવેદી, અસ્મા કુરેશી, ધરા ભટ્ટ, ફાલ્ગુની થાપા, ધરા શાહ, રિધ્ધિશ વોરા, અનુજા ગુર્જર, હર્ષ દાલીયા, દિશાંગ શેઠ, કલગી શાહ... નાટકને અંત સુધી જીવંત રાખ્યું... વેચારીક અને વેદનાની રીતે શ્રેષ્ઠ સાબિત થયેલાં આ નાટકમાં સમાજનાં બેવડાં રૂખ પર ઘણાં ચાબખાં માર્યા... 'અનામિકા'ને જીવતી રાખળાની અને લડત આપવાની હકારાત્મક વાત જ આ નાટકને એવોર્ડ વિનીંગ સફળતા અપાવી ગઈ.

'સંસ્કૃતિ' સંસ્થાના મનોજ શુકલને અભિનંદન એટલા માટે કે ઉભરતાં અને ટેલેન્ટથી ઉભરાતાં યુવાનોને વિશાળ જનસમુદાય સામે મેદાનમાં ઉતારી એમનાં વિચારો- કલાને વિસ્તારવાની તક આપી... ગુજરાત સમાચારનાં કિશોર પાઠક, સચિવ ભાગ્યેશ જહા, વી.એસ. ગઢવી, દોલત ભટ્ટ, જેવાં કદરદાનો વચ્ચે યુવાનો મનમુકીને ખુલ્યા-ખીલ્યાં...

'તું લડજે અનામિકા' શ્રી એસ.એન. પટેલ કોમર્સ કોલેજ અમદાવાદ. 'ચાલને આપણે પરણી જઈએ' આર્ટસ- કોમર્સ, સાયન્સ કોલેજ પિલવાઈ અને 'અંત' એમ.જી. સાયન્સ, અમદાવાદનાં વિદ્યાર્થીઓનાં અદ્‌ભુત નાટકો ગુજરાતની રંગભૂમિનો વારસો જાળવશે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી... ત્રણ કલાકમાં ત્રણ એકાંકીની છટાદાર રજૂઆતથી છવાયેલાં યુવા કલાકારો અને એમની કલાને માણીને મનમુકી વધાવનારા ગાંધીનગરના પ્રેક્ષકો બંને બિરદાવવાને લાયક છે... આ નાટકો જોયાં બાદ એટલું જ કહેવાય કે યંગસ્ટર્સ રૉકિંગ!!!